પાલનપુરમાં સરકારી બાબુઓને ટ્રાફિક નિયમનના પાઠ ભણાવાયા

નિયમોનું ઉલ્લંઘન કરનારા સરકારી કર્મચારીઓ સામે તવાઈ

જોરાવર પેલેસ સ્થિત કચેરીઓ માં પ્રવેશતા કર્મીઓ દંડાયા

પાલનપુર, તા.૮

પાલનપુરમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ટ્રાફિક પોલીસ દ્વારા ગતરોજ સરકારી બાબુઓને જ ટ્રાફિકના નિયમોના પાઠ ભણાવાયા હતા. ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા સરકારી બાબુઓ સામે જ તવાઈ હાથ ધરી ટ્રાફિક પોલીસે દંડ ફટકારતા સરકારીકર્મીઓ પણ હેબતાઈ ગયા હતા.

બનાસકાંઠા જિલ્લા પોલીસવડા નિરજકુમાર બડગુજરની સૂચના થી ટ્રાફિક પોલીસ દ્વારા પાલનપુર શહેરમાં નવી પહેલ કરવામાં આવી હતી. જે અંતર્ગત પાલનપુરમાં કલેકટર કચેરીના ગેટ આગળ જ ટ્રાફિક પોલીસનો પોઈન્ટ ગોઠવી દેવાયો હતો. જેથી ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરીને સરકારી કચેરીમાં આવતા સરકારી બાબુઓ સહિતના વાહન ચાલકો સામે કાર્યવાહી કરાઈ હતી.

જેમાં હેલ્મેટ વગરના તેમજ વાહનોના કાચ ઉપર કાળી પટ્ટી લગાવી ફરતાં સરકારી કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. જોરાવર પેલેસમાં કલેકટર કચેરી, કોર્ટ, મામલતદાર કચેરી, પ્રાંત કચેરી સહિત મોટા ભાગની સરકારી કચેરીઓ આવેલી છે. જ્યાં રોજના હજારો લોકો અવરજવર કરતા હોય છે. જેથી લોકોમાં ટ્રાફિક નિયમ પ્રત્યે જાગૃતિ આવે તે માટે કલેકટર કચેરી તરફ હેલ્મેટ વગર આવતા ટુ વ્હીલર ચાલકોને પોલીસે દંડ ફટકાર્યો હતો. જયારે કાળા કાચ વાળી ગાડીના કાચની ફિલમ ઉતારી દંડ કરાયો હતો. જોકે આજે પોલીસે કોઈપણની શહે શરમ રાખ્યા વગર કાર્યવાહી કરતા પોલીસકર્મીઓ ,વકીલો સહિત અનેક કર્મચારીઓ અને લોકો દંડાયા હતા.

હાઈકોર્ટમાં ૨૦ વિજેતા ઉમેદવારો સામે રિટ

પાંચ હજારથી ઓછા મતોથી જીતેલા ૨૦ સભ્ય સામે રિટ : વિજેતા ઉમેદવારોની જીતની કાયદેસરતાને પડકારાઇ : કેટલાક ઉમેદવારો તો ગણતરીના મતોથી જીત્યા હોવાથી ચૂંટણી પંચની કામગીરીની સામે પણ સવાલો ઉઠ્યા છે

અમદાવાદ,તા. ૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પાંચ હજાર કરતાં ઓછા મતોથી જીતનારા ૨૦ જેટલા ધારાસભ્યોની જીતની કાયદેસરતાને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવી છે. વિધાનસભા ચૂંટણીમાં એકદમ પાંચ હજાર કરતાં ઓછા માર્જીનથી જીતેલા ધારાસભ્યો સામે હાઈકોર્ટમાં થયેલી ઈલેકશન પિટિશનને લઈ હવે ગુજરાતનું રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. તો બીજીબાજુ, જીતેલા ઉમેદવારોના ધબકારા પણ સહેજ વધી ગયા છે કારણ કે, કેટલાક ઉમેદવારો તો ગણતરીના મતોથી જીત્યા છે. ખાસ કરીને રાજયના શિક્ષણપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની વાત કરીએ તો, તેઓ માત્ર ૩૨૭ મતોથી વિજયી થયા છે. ઈલેકશન પિટિશનમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપરાંત, બાબુ બોખીરીયા, શૈલેષ પરમાર સહિતના અનેક દિગ્ગજોની જીત અને વિજય સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. પિટિશનમાં દેવભૂમિ દ્વારકા, માંડવી, ગારિયાધાર, પાટણ, ગાંધીનગર ઉત્તર અને જમાલપુર-ખાડિયા સહિતના બેઠકોના ઉમેદવારો અને તેમના વિજયને લઈ ચૂંટણી પંચની કાર્યવાહી અને મતગણતરીને લઈને પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. પિટિશનમાં ઓછા માર્જિનથી જીતેલા આવા ધારાસભ્યોને ગેરલાયક ઠરાવવા પણ દાદ માંગવામાં આવી હતી. પિટિશનમાં એ મુદ્દા પર હાઈકોર્ટનું ખાસ ધ્યાન દોરાયું છે કે, સૌથી વધુ ૧૬ બેઠકો એવી હતી કે, જેની પર ઉમેદવારો ત્રણ હજાર કરતાં પણ ઓછા મતોથી વિજયી બન્યા હતા. પિટિશનમાં ચૂંટણી પંચની કામગીરી અને મતગણતરીને લઈને કેટલાક સવાલો ઉઠાવ્યા હતા અને વિજેતા ધારાસભ્યોની જીતની કાયદેસરતાને પડકારી હતી. સાથે સાથે વિજયી ધારાસભ્યો પૈકીના કેટલાકની જીતને ગેરકાયદે અને રદબાતલ ઠરાવવા પણ દાદ માંગી હતી. આ કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાય તેવી શકયતા છે. જો કે, આ અરજીને લઈ ગુજરાતનું રાજકારણ ફરી એકવાર ગરમાયું છે.

પાલનપુરમાં બટાકા ભરેલું ટ્રેક્ટર પલ્ટી ખાઈ ગયું

પાલનપુર, તા.૮

પાલનપુર-આબુ હાઈવે પર બાલાજી સીટી પાસે ઈકબાલગઢથી બટાકા ભરી પાલનપુર તરફ આવી રહેલ ટ્રેક્ટર પલટી ખાઈ ગયું હતું. બટાકા ભરેલું ટ્રેક્ટર પલ્ટી ખાઈ જતા બટાકાની બોરીઓ રોડ ઉપર ફંગોળાઈ હતી. જેથી રોડ પર બટાકા વેરાયા હતા.ટ્રેક્ટરની ટ્રોલીની પીન તુટી જતા ટ્રેક્ટર પલ્ટી ખાઈ ગયું હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, ટ્રેક્ટર પલ્ટી ખાઈ જવા છતાં મોટી જાનહાની ટળી હતી. પરંતુ બટાકાની બોરીઓ વિખેરાતાં ટ્રાફિક જામ થઇ ગયો હતો.

ભિલોડા ખાડીયા ચોકમાં ગણેશજીના મંદીરનું ખાતમુર્હુત યોજાયું

ભિલોડા,તા.૮

ભિલોડા ખાડીયા ચોકમાં અષ્ટવિનાયક ગણેશજીના મંદીરનું ખાતમુર્હુત યોજાયું હતું. ભિલોડા ગણેશ નવયુવક મંડળ અને સેવાભાવી ધાર્મિક ગ્રામજનોએ જણાવ્યું હતું કે ખાડીયા ચોકમાં છેલ્લા ૪૧ વર્ષથી ગણેશ મહોત્સવની ઉજવણી દર વર્ષે ધામધુમ પુર્વક યોજાય છે. અષ્ટવિનાયક ગણપતી દાદા મંદીરનું ખાતમુર્હુત ધાર્મિક વિધિ વિધાન પુર્વક યોજાયું હતું. ગણેશ નવયુવક મંડળના હોદ્દેદારો, કાર્યકરો, ગ્રામજનો, ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

શંકરપુરા આદર્શ પ્રાથમીક શાળાનો શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમ યોજાયો

ભિલોડા તાલુકાના શંકરપુરા ગામની શંકરપુરા આદર્શ પ્રાથમીક શાળાનો શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમ યોજાયો હતો. શંકરપુરા આદર્શ પ્રાથમીક શાળા આચાર્ય કાંતીલાલ એસ.પટેલ, સ્ટાફ પરીવારએ જણાવ્યું હતું કે શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન જોવાલાયક સ્થળો સોમનાથ, ભાલકાતીર્થ, બિલખા, સતાધાર, ગીર, જુનાગઢ, ખોડલધામ, વીરપુર, ગોંડલ, ચોટીલા સહિત વિવિધ જોવાલાયક સ્થળો વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન બતાવવામાં આવ્યા હતા. શંકરપુરા આદર્શ પ્રાથમીક શાળા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

પ્રાંતિજ ઉમાધામ ખાતે ત્રિદિવસ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

હજારોની સંખ્યામાં માઇભક્તો સહિત સમાજનાં લોકો ઉપસ્થિત રહ્યાં

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ખાતે આવેલ ઉમાધામ ખાતે ત્રિદિવસ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો જેમાં શ્રી બાવનગોળ કડવાં પાટીદાર સમાજમાંથી પ્રાંતિજ-તલોદમાંથી હજારોની સંખ્યામાં માઈભક્તો સહિત પાટીદાર સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજના વદરાડ રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલ શ્રીબાવન ગોળ કડવા પાટીદાર સમાજ વાડી ઉમાધામ ખાતે મા ઉમિયા - માં ગાયત્રી - માં અંબાજી- વેદમાતા - શિવમંદિર તથા હનુમાન દાદાના મંદિરનો ત્રિદિવસ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમા પ્રથમ દિવસે યજ્ઞ, પૂજન, આરતી સહિતના કાર્યક્રમો યોજાયા હતાં. બીજા દિવસે પ્રાત પૂજન જલયાત્રા સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં અમદાવાદ ખાતે આવેલ જગન્નાથ મંદિરના પ.પૂ. મહા મંડલેશ્વર મહંત દિલીપદાસજી મહારાજના વરદહસ્તે શોભાયાત્રાનું પ્રસ્થાન પોંગલુ વારાહી શક્તિપીઠ પોગલુ ખાતેથી કરાવ્યું હતું. શોભાયાત્રા પોગલુ ગામમાંથી વાજતે ગાજતે ડીજેના તાલ સાથે પોગલુ, પલ્લાચર, વદરાડ થઈને પટેલ સમાજનીવાડી ઉમાધામ ખાતે પહોચી હતી. ત્રીજા દિવસે પ્રાત પૂજન, પ્રસાદ વાસ્તુ, પ્રાણપ્રતિષ્ઠા, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં પ્રાંતિજ-તલોદ ખાતેના પટેલ સમાજના ભાઈઓ સહિત આજુબાજુનામાંથી ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સમાજના પ્રમુખ બાબુભાઈ એસ. પટેલ સહિત સમાજનાં હોદ્દેદારો કાર્યકરો સહિત સમાજનાં આગેવાનો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના ભાઈ- બહેનો સહિત આજુબાજુના ગામમાંથી લોકોએ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો લાભ લઈ દર્શન કરી ધન્યતા અનુભવી મહા પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

પરીક્ષા ખંડમાં જો ઈશારો પણ કર્યો તો રિઝલ્ટ રદ કરી દેવાશે

અમદાવાદ,તા. ૮

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે બોર્ડ દ્વારા આગામી પરીક્ષામાં કોઇ ગેરરીતિ કે અનિચ્છનીય બનાવો ના સર્જાય તે માટે ૩૩ પ્રકારની ગેરરીતિઓને ડામતી આકરી ગાઇડલાન્સ અને માર્ગદર્શિકા સાથેના નિયમો જારી કર્યા છે, જેને લઇ પરીક્ષા પહેલા જ વિદ્યાર્થીઓમાં પરીક્ષાના તાણની સાથે સાથે બોર્ડની ડાઘિયા જેવા નિયમોને લઇ ટેન્શનમાં વધારો થઇ શકે છે. શિક્ષણજગતના ઇતિહાસમાં સૌપ્રથમવાર ૩૩ જેટલી ગેરરીતિઓને ડામવા અંગેની નોટિસો શાળાના નોટિસ બોર્ડ પર જોવા મળશે. જેમાં જો પરીક્ષાખંડમાં વિદ્યાર્થીએ કોઇ અન્ય વિદ્યાર્થીને ઇશારો સુધ્ધાં પણ કર્યો કે, તેમની પાસેથી મોબાઇલ મળ્યો તો તે ગેરલાયક ઠરશે અને પરીક્ષા રદ કરવા સુધીના આકરા પગલા લેવાની જોગવાઇ કરવામાં આવી છે.

બોર્ડના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, બોર્ડની ગત વર્ષની પરીક્ષા દરમ્યાન અનેક વિદ્યાર્થીઓ ઇલેક્ટ્રોનિક ગેઝેટ્સ સાથે પકડાયા હતા, જેમાં સ્માર્ટ ફોન, ઇયર ફોન, કેલકયુલેટર સાથે ગેરરીતિ કરતાં પકડાયા હતા. બોર્ડે આ સમગ્ર બાબતને ગંભીરતાથી લીધી હતી અને તેથી આ વર્ષના નિયમોને થોડા વધુ આકરા બનાવવામાં આવ્યા છે. જો વિદ્યાર્થી આવા મોબાઇલ કે અન્ય કોઇ ઇલેક્ટ્રોનિક ગેઝેટ સાથે ઝડપાશે તો, તેની પરીક્ષા રદ કરવાની સાથે સાથે પછીના બે વર્ષ માટે પણ તેને પરીક્ષા આપવા દેવામાં આવશે નહી. બોર્ડ દ્વારા જાહેર કરાયેલા અન્ય નિયમોમાં જો વિદ્યાર્થીએ પરીક્ષાખંડમાંથી પ્રશ્નપત્ર કે ઉત્તરવહી બહાર ફેંકી હોય તો તેનું પરિણામ રદ કરી દેવાશે, વિદ્યાર્થી કે તેની સાથેનો અન્ય વિદ્યાર્થી જો ઉત્તરવહી ફાડી નાંખે તો પણ તેનું પરિણામ રદ કરાશે, ઉત્તરવહી કે સપ્લીમેન્ટ્રી ચાલુ પરીક્ષાએ વિદ્યાર્થી પરીક્ષક કે નીરીક્ષકને આપ્યા વિના જતો રહેશે તો પણ તેનું પરિણામ રદ કરાશે અને તેને પછીના વર્ષની પરીક્ષામાં બેસવા દેવામાં નહી આવે, વિદ્યાર્થી જો બીજા વિદ્યાર્થી પાસેથી ઉત્તરવહી ઝુંટવી લેશે તો પણ તેનું પરિણામ રદ ગણાશે.

અનવરપુરા ખાતે શ્રી બ્રહ્માણી માતાજીનો અગિયારમો પાટોત્સવ ધામધૂમથી યોજાયો

રાસ ગરબા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા : હજારોની સંખ્યામાં માઇ ભક્તોએ દર્શન કરી પ્રસાદ લઇ ધન્યતા અનુભવી

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના અનવરપુરા ગામે આવેલ શ્રી બ્રહ્માણી માતાજીના મંદિર ખાતે બે દિવસ્ય અગિયારમો પાટોત્સવ યોજાયો હતો. જેમાં અનવરપુરા ગ્રામજનો સહિત આજુબાજુના ગામના લોકો પણ બે દિવસ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં. પ્રાંતિજના અનવરપુરા ગામે આવેલ શ્રી બ્રહ્માણી માતાજીનો બે દિવસ્ય અગિયારમો પાટોત્સવ યોજાયો.

જેમાં પાવડી પૂજા, શોભાયાત્રા, નવચંડી યજ્ઞ સહિત રાસ ગરબા સહિતના કાર્યક્રમો યોજાયા હતા અને અનવરપુરા ગામ સહિત આજુબાજુમાં રહેતા હજારોની સંખ્યામાં ધર્મપ્રેમીઓએ બે દિવસ્ય કાર્યક્રમમાં ભાગ લઇ મા ના દર્શન કરી પ્રસાદ ધન્યતા અનુભવી હતી.

રહીયોલ ગ્રામ પંચાયતમાં ચુંટાતાં જયસ્વાલ સમાજનું ગૌરવ

ધનસુરા, તા. ૮

ધનસુરા તાલુકાની રહીયોલ ગ્રામ પંચાયતમાં મેહુલકુમાર ભરતભાઈ જયસ્વાલ પંચાયતના વોર્ડમાં બીનહરીફ ચુંટાવા બદલ જયસ્વાલ સમાજના પુર્વ પ્રમુખ ભરતભાઈ એસ. જયસ્વાલ, મહેશભાઈ જયસ્વાલ તથા સમગ્ર જયસ્વાલ સમાજ હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. તેમજ નાની ઉંમરમાં ગ્રામ પંચાયતમાં બીન હરીફ વરણી થવા બદલ આપને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

અયોધ્યા મામલે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અલ્હાબાદ હાઈકોર્ટની ત્રણ જજની બેંચે ૨-૧ના બહુમતિ ચુકાદામાં કહ્યું હતું કે, ત્રણ પક્ષોની અંદર એક સમાન રીતે આ જમીન આપી શકાય છે જેમાં સુન્ની વક્ફ બોર્ડ, નિર્મોહી અખાડા અને રામલલ્લાનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટમાં અગાઉ પાંચમી ડિસેમ્બરના દિવસે અયોધ્યા વિવાદ ઉપર અતિમહત્વપૂર્ણ સુનાવણી શરૂ થઈ હતી. આ સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટમાં ખુબ જ ગરમાગરમ ચર્ચા અને દલીલબાજી થઈ હતી. સુન્ની વક્ફ બોર્ડના વકીલ કપિલ સિબ્બલે આ મામલાની સુનાવણી ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી સુધી ટાળી દેવાની માંગ કરી હતી. તેમણે સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી હતી કે હજુ સુધી કાગળ પરની કાર્યવાહી પણ પુરી થઈ નથી. કોર્ટના આ ચુકાદાની અસર દેશમાં મોટાપાયે થઈ શકે છે.

સૌથી પહેલા શિયા વક્ફ બોર્ડ તરફથી દલીલો કરવામાં આવી હતી. શિયા વક્ફ બોર્ડના વકીલે વિવાદાસ્પદ સ્થળ મંદિર બનાવવાનું સમર્થન કર્યું હતું. બીજી બાજુ શિયા વક્ફ બોર્ડની આ દલીલ સુન્ની વક્ફ બોર્ડે ફગાવી દીધી હતી અને આની સામે વાંધો ઉઠાવ્યો હતો. સુન્ની બોર્ડે કહ્યું હતું કે, હજુ મામલા સાથે જોડાયેલા દસ્તાવેજ રજૂ કરવામાં આવ્યા નથી. જમીન વિવાદની જેમ જ આ મામલો ચાલશે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રાએ કહ્યું હતું કે, આ મામલાને જમીન વિવાદની જેમ રજૂ કરાશે. ૧૪મી માર્ચના દિવસે મામલામાં ફુલ સુનાવણી શરૂ થશે. સુનાવણી કરતી વેળા મામલાને આસ્થા સાથે નહીં બલ્કે જમીન વિવાદ સાથે જોડીને જોવામાં આવશે. સુપ્રીમે કહ્યું હતું કે, રાજકીય અને ભાવનાત્મક દલીલો સાંભળવામાં આવશે નહીં.

નેતા બન્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે. સોનિયા ગાંધીએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, તમામ લોકશાહી સંસ્થાઓ ઉપર જાણી જોઈને ટાર્ગેટ બનાવીને આક્ષેપો થઈ રહ્યા છે. સરકાર રાજકીય હરીફોને ટાર્ગેટ કરવા માટે તપાસ સંસ્થાઓનો ઉપયોગ કરી રહી છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, આ સરકારને સત્તામાં આવ્યાને ચાર વર્ષ થઈ ચુક્યા છે. આ ગાળા દરમિયાન સાંસદ, ન્યાયપાલિકા, મિડિયા અને સિવિલ સોસાયટી સહિત લોકશાહી સંસ્થાઓને ટાર્ગેટ બનાવવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે, દલિતો અને લઘુમતિઓની સામે હિંસાની છુટી છવાઈ ઘટનાઓ થઈ રહી નથી બલ્કે રાજકીય લાભ લેવા માટે સમાજમાં ધ્રુવીકરણના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

સ્વર્ગસમાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેલના મોટા અધિકારીઓ પણ નિયમોનો ખુલ્લો ભંગ કરી રહ્યા છે. માનવ અધિકાર કાર્યકર વાન્ચુની હત્યામાં દોષિત કાસિમ શ્રીનગર સેન્ટ્રલ જેલમાં છે. જેલમાં હોવા છતાં તેના તરફથી કાશ્મીરી મિડિયા માટે પ્રેસનોટ જારી કરવામાં આવે છે. આ ઉપરાંત અહીં અન્ય એક મોટો આતંકવાદી પણ છે જેને મળવા માટે લોકો આવે છે. તેને ધાર્મિક ગુરુ તરીકે ગણવામાં આવે છે. તેને મળીને જુદા જુદા ધાર્મિક દસ્તાવેજો પણ લેવામાં આવે છે. અહીં સજા મેળવી રહેલા આતંકવાદીઓ મોબાઈલ ફોન મારફતે બીજી જેલોમાં રહેલા ત્રાસવાદીઓ સાથે ખુલ્લીરીતે વાત કરે છે. કાશ્મીર અને પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદી સંગઠનોના સંપર્કમાં પણ રહે છે.

મહાભારત

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે ઉમેર્યું હતું કે, કોંગ્રેસના મેન ચેન્જર અને જુના ભારતને આપી દો તેવા તમામ આક્ષેપોનો મોદીએ જવાબો આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસને જો ન્યુ ઈન્ડિયા જોઈતુ નથી તો તેને ઈમરજન્સી અને કૌભાંડવાળુ ભારત જોઈએ છે. મોદી જવાબ આપી રહ્યા હતા ત્યારે રેણુકા જોરશોરથી હસી રહ્યા હતા. ત્યારે વડાપ્રધાને ટકોર કરી હતી. રાજ્યસભામાં ધાંધલ ધમાલના કારણે કામગીરી મોકૂફ કરવામાં આવી હતી. વિપક્ષના મહિલા સાંસદોએ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુને મળીને કિરણ રિજ્જુને સુરપર્ખાના વિડિયો શેયરને લઈને વિશેષાધિકાર ભંગની નોટિસ પણ આપી હતી. ચૌધરીએ આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, મોદી સરકારના મંત્રી કિરણ રિજ્જુએ જે વિડિયો પોસ્ટ કર્યા છે તે ખુબ જ વાંધાજનક છે. આ લોકો બેટી બચાવો મહિલાઓના સન્માનમાં મોટી મોટી વાતો કરે છે. તે પોતે બે યુવા પુત્રીઓની માતા છે. કોઈની પત્નિ છે. તેઓએ તેમની સરખામણી સુર્પનખા રાક્ષસી સાથે કરી દધી છે જે ખુબ જ શરમજનક છે. કોંગ્રેસના નેતા વિરપ્પા મોઈલીએ મોદી પર પ્રહાર કર્યા હતા. તેમણણે કહ્યું હતું કે, કેટલાક મહિલા મંત્રીઓનું કહેવું છે કે, રેણુકા ચૌધરી વડાપ્રધાન તરફથી આવી જ ટિપ્પણી સાંભળવા લાયક છે. તેમને વડાપ્રધાનનો બચાવ કરવાનો અધિકાર છે પરંતુ આ ટિપ્પણી એક મહિલાની સામે છે.

બેરોજગાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૧૫-૧૬ના વર્ષમાં બેરોજગારીનો દર પાંચ વર્ષના સૌથી ઉચ્ચત્તમ સ્તરે પહોંચી ગયો છે. ૨૦૧૫માં દેશમાં ફક્ત ૧,૩૫,૦૦૦ લોકોને જ નોકરી મળી હતી. ચાર વર્ષથી ૫૫૦ નોકરીઓ રોજેરોજ ઓછી થઈ રહી છે. આ ચાર વર્ષમાં મહિલાઓમાં બેરોજગારીનું પ્રમાણ ૮.૭ ટકાના દરે વધ્યું છે. શ્રમરોજગાર મંત્રાલયનો રિપોર્ટ કહે છે કે સ્વરોજગારીની તકો પણ દેશમાંથી ઓછી થઈ છે અને તેને કારણે પણ નોકરીઓનું પ્રમાણ ઘટી ગયું છે.

૧૨૨ ઉમેદવારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત બસપાએ પણ એક ઉમેદવારને મેદાનમાં ઉતારેલ છે.

આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે જે ચિત્ર ઉપસ્યું છે તે પ્રમાણે રૂપાલ, રાંધેજા-૨માં ૬-૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. તો કોલવડા-૨, ચિલોડા (ડ) અને દોલારાણા-વાસણા બેઠક પર ત્રણથી વધુ ઉમદવારો મેદાનમાં જણાયા છે. ચકાસણી દરમિયાન ડમી ઉમેદવારોના ફોર્મ રદ થશે બંને પક્ષોએ ચૂંટણી અધિકારીઓને સીધા મેન્ડેટ આપ્યા છે. બંને પક્ષમાં ઉમેદવારોની પસંદગી અંગેની છેલ્લી ઘડી સુધી ખેંચતાણ જોવા મળી હતી. જિલ્લા પંચાયતની બેઠકો કરતાં પણ વધુ બેઠકો ધરાવતી અને જિલ્લાની સૌથી મોટી તાલુકા પંચાયતની આ સામાન્ય ચૂંટણીને લઈ રાજકીય માહોલ ભારે ગરમાયો છે બંને પક્ષને અસંતોષનો એરૂ આભડી ગયો હોય તેવું સ્પષ્ટ બન્યું છે કારણકે ૧૨ જેટલા અપક્ષ ઉમેદવારોએ આજે જંગમાં ઝુકાવ્યું હોવાથી જંગ રોચક બનશે તેમ લાગે છે.

માર્ચથી ઝુંબેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ઈન્દ્રોડા અને ગોકુલપુરા સહીતના વિસ્તારમાં પણ વેરો વસુલવા માટે ઝુંબેશ હાથ ધરાશે. રહેણાંક અને કોર્મશિયલ વિસ્તાર સહીત શહેરમાં અંદાજિત ૨૬ હજારથી વધુ જોડાણકર્તાઓ પાસેથી વેરાની વસુલાત કરવામાં આવશે. અંદાજિત પાણી ગટર વેરાના ૨.૨૫ કરોડના માંગણાને વસુલવા માટે ટુંકમાં જ બીલીની વહેંચણી કરી દેવાશે. જયારે વેરાની વસુલાત માટે વિવિધ ચાર ઠેકાણે કાઉન્ટર પણ શરૂ કરવામાં આવશે.

ભવ્ય ઉજવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માખણરૂપ નિચોડ આપ્યો છે કે સુખ ,શાંતિ માટે ત્રણ બાબત મહત્વની છે. વિવેક ,ધૈર્ય અને આશ્રય જીવનમાં હોવા જોઈએ અને ઉતારવા જોઈએ. હરિ સર્વત્ર છે. તે જોઈ રહયા છે. તે રીતે કાર્ય કરો સફળતા મળે તો હરિકૃપા સમજવી સઘળુ હરિકૃપાથી થાય છે. સ્વભાવને સમજો ,સ્વીકારો અને અનુકુલ થાવ તો શાંતિ સ્થાપી શકશો.મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાંવ્યુ હતુ કે વૈષ્ણવ સમુદાય એ માત્ર વૈષ્ણવાનુ નથી. પરંતુ સમગ્ર સમાજના લાકો જોડાય છે.

નરસિંહ મહેતાના વૈષ્ણવજન ભજનમાં દરેક પંકિતએ વૈષ્ણવ સમાજનુ નિરુપણ કર્યુ છે. વૈષ્ણવોએ બીજાના સુખે સુખી અને દુખે દુખી થઈ સમાજને સેવાની સુવાસ પહોંચાડી છે. ગુજરાતના વિકાસમાં વૈષ્ણવ સમુદાયનો મહત્વનો ફાળો રહ્યો છે. સમાજે દુનિયાભરમાં ગુજરાતનુ નામ ઉજળુ કર્યુ છે.યુવા વૈષ્ણવ આચાર્ય વ્રજકુમારજીનુ યુવાપેઢી માટે ખુબ મોટુ પ્રદાન છે. તેમણે ધર્મ , સત્ય નિષ્ઠા માટે ખુબ કામ કર્યુ છે. ઈન્ટરનેટ સાથે જોડાયેલા યુવાનોને દીવાદાંડી બનીને માર્ગદર્શન આપ્યુ છે. આ પ્રસંગે વેદાંતાચાર્ય ફુલશંકર શાસ્ત્રીએ જણાંવ્યુ હતુ કે ભગવાન કૃષ્ણની વર્તમાન સમયમાં જરૂરિયાત છે. શ્રીકૃષ્ણની ગેરહાજરીમાં શ્રીમદ ભગવદ માર્ગદર્શક બની રહ્યા છે. માત્ર વૈષ્ણવ સમાજ નહીં પરંતુ સમગ્ર હીન્દુ સમાજની સુખ શાંતિ અને સમૃધ્ધિ માટે શ્રીજી ગોવર્ધનનાથજી ઉતરે તેવી પ્રાર્થના પણ તેમણે કરી હતી.સમદર્શન આશ્રમના પુ ગુરુમાંએ આ તબક્કે જણાંવ્યુ હતુ કે આજે ૫ હજાર વર્ષોના લાંબા સમયકાળ બાદ પણ ગીતાજીની ઉપયોગીતા વર્તમાન સમયમાં છે. ગીતાજી સંબંધોનુ માધુર્ય શિખવાડે છે.અનન્ય છે.

ગીતાજીમાં વર્તમાન સમયના દરેક પ્રશ્નનો ઉકેલ છે. કર્મ એવી રીતે કરો કે તે પુજા બને . આજના યુગમાં તંદુરસ્ત ચર્ચા આવશ્યક છે. ગીતાજીમાં ભગવાન કૃષ્ણ અને અર્જુન વચ્ચે જરાપણ ઉદવેગ વગર સંવાદ થયો તેમ સમાજમાં ઉદવેગ વગર ચર્ચા થવી જોઈએ. ગાંધીનગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહાએ જણાંવ્યુ હતુ કે રાજકારણના કાવાદાવા અને ભ્રષ્ટાચારના દુષણ વચ્ચે સરકારી ગામ આ પ્રકારના મહોત્સવની ઉજવણીથી સંસ્કારી બન્યુ છે. સંસ્કૃતિ અને પ્રકૃતિનો પુર્ણ વૈભવ નગરમાં પ્રગટતો અને પ્રસરતો રહયો છે. ગોવર્ધનનાથજીની હવેલી એ મંદિર તો છે પરંતુ સંસ્કારોનુ પ્રસારણ કેન્દ્ર પણ છે. ગાંધીના નામે બનેલુ નગર અને ગાંધીના વૈષ્ણવોનુ સંગમબિંદુએ શ્રીજીની હવેલી છે.આ મંગલ મહોત્સવની ઉજવણીમાં સમાજના પ્રમુખ ડો પ્રદીપ ગગલાણી, દક્ષેશ શાહ, જશવંત ગાંધી, કુંવરજી પટેલ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ સહીત મોટી સંખ્યામાં ભાવિકોએ હાજરી આપી હતી. મહીલાઓ પણ વિશેષ ભકિત રસમાં તલ્લીન જોવા મળી હતી.ભકિત સંગીત અને સંતોના આશીર્વચન બાદ ભાવિકોએ છપ્પન ભોગ બડા મનોરથના દર્શનનો લાભ લીધો હતો. શ્રીજી ગોવર્ધનનાથજીની હવેલીમાં દર્શનનો તેમજ પ્રસાદનો લાભ લીધો હતો.